ॐ श्री हरिः

નૃસિંહાવતાર

નાટકનાં ગાયનો.

શ્રી પાલીતાણા ભક્તિ પ્રદર્શક નાટક મંડળી માટે

રચનાર

એન. એલ. ઠક્કર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મણીશંકર જેશંકર ભટ્ટ,

માલીક પા. ભ. પ્ર. નાટક મંડળી, કરાંચી.

પંચમાવૃત્તિ. પ્રત ૫૦૦. (સર્વ હક સ્વાધીન.) સને ૧૯૨૫.

કરાંચી:— બંદર રોડ પર આવેલા મનોહર પ્રેસમાં
નરભેશંકર જગજીવન દવેએ છાપ્યાં.

કીમત રૂ. ૦-૨-૦

પાલીતાણા કંપનીના આશ્રયદાતા.



પાલીતાણાના મરહુમ ઠાકોર સાહેબ

શ્રી માનસિંહજી બહાદૂર,

કે. સી. એસ. આઈ.

પાત્ર વર્ગ

પુરૂષ પાત્રો.

નામ	ઓળખાણ
૧ સુત્રધાર	નાટ્યા ચાર્ય
૨ હિરણ્ય કશ્યપુ	હિરણ્ય નગરનો રાજા પ્રહલાદનો પીતા
૩ પ્રાહલાદ	વિષ્ણુપરમાત્માનો પરમભક્ત હિરણ્ય કશ્યપુનો પુત્ર.
૪ કામદેવ	સર્વને વિષય સુખના પાસમાં બાંધી રાખનારો દેવ.
૫ કાળદંડ	હિરણ્ય કશ્યપુનો સેનાપતી
૬ શંડ ૭ અમર્ક	દૈત્યકુમારોની પાઠશાળાના અધ્યાપક
૮ સદાનંદ	એક બ્રાહ્મણ
૯ મનુ	હિરણ્યાક્ષનો પુત્ર
૧૦ રઘો ૧૧ પાંચો	હિરણ્યનગરના કુંભાર
૧૨ મલયરાજ...	મલયપુરનો રાજા વેણાનો પીતા
૧૩ શ્રી નૃસિંહ ભગવાન ...	વિષ્ણુ પરમાત્માનો અવતાર

સ્ત્રી. પાત્રો

નામ	ઓળખાણ.
૧ નટી...	નાટયાચાર્યની સ્ત્રી.
૨ લક્ષ્મી	વિષ્ણુ પરમાત્માનાં પત્ની.
૩ કયાધુ	હિરણ્યકશ્યપુની રાણી પ્રહલાદની માતા.
૪ શ્વેતા	મલયરાજની પુત્રી.
૫ નવી ૬ જૂની	... ... સદાનંદની સ્ત્રીઓ.
૭ કૃત્યા	અગ્નિજવાળાતુલ્ય મારી નાખનારી શક્તિ.
૮ માંજરી	રધડા કુંભારની સ્ત્રી.

આ સિવાય --અપ્સરાઓ, દૈત્યો, ચોપદાર, શિષ્યો, વિધાત્રી કાર ભારી લુટારા વગેરે વગેરે.

પ્રસ્તાવના.

લોકોની આંખોને અને તેઓના કાનોને માત્ર સારૂં સારૂં લાગે તથા તેમનાં મનને વગર જરૂરના વિષયો તરફ ઉશ્કેરી મુકે તેવાં દ્રસ્યોને બદલે ભકિત, ધર્મ તથા નીતિ વગેરે ઉત્તમ ગુણોની પ્રાધાન્યતાવાળા દ્રષ્યો પ્રજાવર્ગ સમક્ષ ભજવી બતાવવામાં આવે તો તે જનસમુહને ઉચ્ચ સ્થિતિ પર લક્ષ રાખનાર બનાવે છે, અને તેથીજ નાટક મંડળી ઓનું મુખ્ય કર્તવ્ય એ છે કે ધર્મ, ભકિત વિગેરેની પ્રાધાન્ય તાવાળાં દ્રશ્યો તેણે જેમ બને તેમ જાહેરમાં વધારે વધારે મુકવાં જોઇએ, અમોએ આ "શ્રી ભકિત વિજય" નો ખેલ એજ ઉદ્દેશથી જાહેરમાં મુકયો છે.


પ્રહ્‌લાદને લગતી હકીકત શ્રીમદ્ ભાગવતના સપ્તમ સ્કંધમા આવે છે. એ મુખ્ય હકીકતને અવલંબી તથા નાટય શાસ્ત્રમાં આપેલી છુટ પ્રમાણે તેમાં લોકોની અભિરૂચિ કરા વવા કેટલોક ઉમેરો કરી હાલનાં દ્રશ્યરૂપે તેને તૈયાર કરેલ છે.

પરમાત્માના ખરા ભકતને તેના દુસ્મનો કંઇ પણ કરી શકતા નથી અને ખરે ટાંકણે પરમાત્મા તેઓનું રક્ષણ કરે છે એ આ નાટકનો મુખ્ય ફલિતાર્થ છે નાટકમાં

અવશ્ય આવવા જોઇતા શૃંગારાદિક રસો અને તેને લગતી બીજી સઘળી રચનાઓ આ મુખ્ય ફલિતાર્થને પુષ્ટ કરવા માટેજ છે.

આ ખેલની કેટલીક બાકી રહેલી કવિતાઓ વગેરે કરવામાં જામનગરના પ્રખ્યાત વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજીના આંતકનિગ્રહ ઔષધાલયની હેડ ઓફીસના મેનેજર મેહેતા ગોકલદાસ રામકૃષ્ણ તેમજ મારી નાટક મંડળીના કાબેલ એકટર મી૦ મણિશંકર પોપટલાલે આપેલી મદદ માટે હું તેઓનો આભાર માનું છું.

મુંબઇ ⎫ ભટ્ટ મણિશંકર જયશંકર.
આગષ્ટ ૧૯૧૨. ⎭ માલેક—પાલીતાણા ભકિત પ્રદર્શક નાટક મં.



શ્રી ભક્તિ પ્રતાપનો ટુંકસાર.

અંક ૧ લો.

સુત્રધાર તથા બાળાઓના સુકંઠથી મંગળાચરણ ઇશ્વર સ્તુતી શ્રી પ્રહલાદજીની ભક્તીનું વર્ણન ભક્તીમાં કષ્ટ પડતાં ભક્તાધિન પ્રભુ ભક્તોનાં આવરણો દૂર કરી કેવી ભક્તવત્સલતા બતાવે છે? વિગેરે બાબતોના નિર્ણય, બાદ બોધદાયક ગાયન ગાઇ સર્વેનુ જવુ

પ્રવેશ ૧ લો—ડોલતુ ઇંદ્રાસન, ઇદ્રની ફીકર, હીરણ્ય-કષ્યપુને તપશ્ચર્યાથી ભ્રષ્ટ કરવા મદનરાજ તથા અપ્સરાઓને ઇંદ્રરાજે આપેલી આજ્ઞા. મદનની પ્રબળતાનુ બ્યાન ઇંદ્રને આશ્વાસન.

પ્રવેશ ૨ જો—શઠ ગુરૂનો શિષ્ય સદાનંદ ઉતરાવ-સ્થામાં બીજી સ્ત્રી કરવાથી શુ પરીણામ આવે છે, તેનું રમુજ સાથે બ્યાન સ્ત્રીયોનો સાચો ઝગડો ને ખોટો પ્યાર.

પ્રવેશ ૩ જો—તપોવન, મહા કષ્ટકારક ઉગ્ર તપશ્ચ-ર્યામાં બેઠેલા હીરણ્યકસ્યપુને, ત્યાં મદનરાજનુ અપ્સરાઓ સાથે આવવુ, તપો ભ્રષ્ટ કરવા માટે અપ્સરાઓની મોહની

કારક નૃત્ય કળા, બાદ અડગ વૃતિ જોઈ બ્રહ્માનું પ્રગટ થવુ, દુનીયાના કોઈ પણ પદાર્થથી મરણ ન થાય, તેવા વરદાનનું મળવું ગર્વીષ્ટનો ગર્વ, દેવો પ્રત્યેનોવૈરભાવ.

પ્રવેશ ૪ થો—કાળદડના કાળા રંગનો દોર, શઠ ગુરૂની શીખામણ, સમજાવનારનો તીરસ્કાર, બાદ સદાનંદની સ્ત્રી તરફ પ્યારના વિચાર, સદાનંદને પોતાને ઘેર નોકર રાખવો, સદાનંદને હાસ્ય સાથે પેટની વેઠમાં શું શું કરવુ પડે છે તેનું યથાર્થ ભાન.

પ્રવેશ ૫ મો હીરણ્યકશ્યપુ પ્રભુ છે તેવુ શીક્ષકોને શીક્ષણ, પ્રહલાદજીનુ નીશાળે આવવું, ઇશ્વરનુ ભણતર ન ભણવા ગુરૂની આજ્ઞા અને મરણનો દાબ, ભકતની કસોટી ઇશ્વર ઇચ્છાપર ભકતનો દૃઢ વિશ્વાસ.

પ્રવેશ ૬ ઠો—હીરણ્યકશ્યપુ, રાણી તથા શ્રેષ્ટ ભકત પ્રહલાદ, પતિને નિતીને રસ્તે ચલાવવાનો પ્રબળ પ્રયત્ન, વિનાશકાળે વિપરીત બુદ્ધી. પ્રહલાદજીને ભકતીથી ભ્રષ્ટ કરવા હીરણ્યકશ્યપુનો દાબ, ભકતની કસોટી, ઇશ્વર ઇચ્છાપર દ્રઢ વિશ્વાસ.

પ્રવેશ ૭ મો—મલયપુરના રાજાની કુંવરી શ્વેતાનો પોતાની સખીયો સાથે બગીચામાં આનંદ દાયક રાસડો, યુવાવસ્થામાં સતી સ્ત્રીયો શી રીતે મનને અંકુશમાં રાખે છે તેનું યથાર્થ દર્શન, ભવ્યતા સાથે અજાયબી સીન,

પહાડના વહેતા ઝરામાંથી પેટી તણાઇ આવવાના ખબર શ્વેતાનું પેટી ખોલી જોવું, દીવ્ય પુરૂષનું દર્શન, તેનાપર સ્નેહનો અંકુર.

પ્રવેશ ૮ મો—કાળદંડની ત્રીલોકપતિ થવાની ઈચ્છા, પ્રહલાદને મારી નાખવાના વિચારો. તેના નોકર સદાનંદે એક કામમાં ચાર કામ બનાવવાં, પેટ ભરીને હાસ્ય.

પ્રવેશ ૯ મો—મલયરાજનો ભવ્ય મહેલ, પેટીમાં તણાઇ આવેલો હિરણ્યકશ્યપુનો ભત્રીજો મનું અને રાજપુત્રી શ્વેતા, વિધીની વિચીત્રતાનો શોચ, રાજ કુંવરીનું અજાયબીથી આવવુ, અદ્રસ્ય પ્રેમને દસ્યમાં મુકવો, અમીર અને ગરીબની તુલના, અરસપરસ જોડાયલો પ્રેમ.

પ્રવેશ ૧૦ મો—હીરણ્યકશ્યપુનો ભવ્ય દરબાર દેવોને પાયમાલ કરવાના ઉદગારો. વિશ્નું સાથે વૈરના અંકુરો, વૈરભાવ મુકી ભકતીભાવ ધારણ કરવા પ્રહ્લાદજીની સુચના, ભકતપર કોપ, ગાયનું અદ્રશ્ય થવું, ભગ્યતાની પરીસીમા.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—અંબીકાનું ભવ્ય મંદીર, મનુ દર્શનાર્થે આવેલ છે ત્યાં સામે રાજ કુવરી શ્વેતાને આવતી જોઇ છુપાઈ જાય છે, છુપી રીતે પ્રેમની પરીક્ષા, અરસપરસ દ્રઢ પ્રેમ

પ્રવેશ ૨ જો—સદાનંદ ગામ જાય છે ત્યાં રસ્તામાં શામજી ભેગા થાય છે, સદાનંદની સ્રીને કાળદંડ સાથે સ્નેહ

છે, તેવા ખબર મળવા.

પ્રવેશ ૩ જો—સદાનંદ પાછો ઘેર આવી, પોતાની સ્ત્રી તથા કાળદંડને પુરી નશીયતે પહોંચાડવા ખોટો મરી જાય છે બાદ સર્વ હકીકત જોઇ બન્યેને યોગ્ય સજા કરે છે.

પ્રવેશ ૪ થો—શ્વેતાની દાસી મલયરાજને શ્વેતા તથા મનુને અરસપરસ પ્રેમ છે, તેમ ચેતવણી આપે છે, મલયરાજનો ગુસ્સો, મનુને દેશપાર, શ્વેતાના પાછળ જવાના વિચાર.

પ્રવેશ ૫ મો—હીરણ્યકષ્યપુનો રઇયતપર તથા ભકત પ્રહલાદપર જુલમ.

પ્રવેશ ૬ ઠો—સદાનંદનો પોતાની સ્ત્રી વ્યભીચારીણી છે, જેથી, સંસારપર સ્મશાન વૈરાગ્ય, ગુરૂથી આડમ્બર, છેવટે ઘેર જઇને સ્ત્રીને માત કહી ભીક્ષા માગવી એવા વિચારો, ઘર તરફ પ્રયાણ.

પ્રવેશ ૭ મો—નિશાળમાં પ્રહલાદ ભજન કરે છે, તે જોઇ ગુરૂની ઉગ્રતા, મંત્રથી કૃત્યા ઉપજાવી પ્રહલાદને મારી નાંખવાની કોશીશ કરે છે પણ કૃત્યાનું જોર ભકતપર ચાલતુ નથી, છેવટ શંડગુરૂનો નાશ કરવા કૃત્યા તત્પર થાય છે, ગુરૂ છેવટ ભકતને શરણે જાય છે, સર્વની ભજનમાં અનુમતી, અમર્ક આવી ભકતને હીરણ્યકષ્યપુ પાસે લઇ જાય છે.

પ્રવેશ ૮ મો—સદાનંદ આડમ્બર સાથે પોતાની સ્ત્રી સમક્ષ આવી તેને માતુ કહી ભીક્ષા માંગે છે, સ્ત્રી બહુ પ્યાર

ભરી દ્રષ્ટીથી જુવે છે, ત્યાં સદાનંદનુ મન પીગળી જાય છે, ગુરૂ આવી સમજાવે છે. ગુરૂનો તીરસ્કાર કાળદંડ તરફથી કેદની સજા.

પ્રવેશ ૯ મો—હીરણ્યનગરના કુંભાર રઘડાએ નીભાડો સળગાવવો પાછળથી તેની સ્ત્રી માંજારીનું આવવું મીંદડીનાં બચ્ચાં નીભાડામાં બળતાં જોઇ ઇશ્વર સ્તુતી પ્રહ્‌લાદ શંડ અમર્કનુ આવવું બળતાની ભાડામાંથી બચ્ચાનુ સહી સલામત નીકળવુ. ભકિતનો પ્રતાપ.

ટેબલો

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—વૈકુંઠ શ્રી વિષ્નુપરમાત્મા પાસે તમામ દેવોએ હીરણ્યકસ્યપુનો અત્યંત ત્રાસ છે એવી વીનંતી કરવી, પરમાત્મા પોતે અવતાર ધારણુ કરવા વચન આપે છે. સર્વને આશ્વાસન.

પ્રવેશ ૨ જો—હીરણ્યકષ્યપુની રાણી પોતાના સ્વામીને વિષ્નુપરમાત્માથી વેર નહિં કરવા સમજાવે છે, હિરણ્યકષ્યપુનો દુરાગ્રહ, ભકતરાજ પ્રહ્‌લાદનું આવવું નિશાળમાં શું શિક્ષણુ લેછે તેમ હીરણ્યકષ્યપુનું પુછવું. શીક્ષણુ સર્વેશ્વરના નામનું તેવો ભકતનો જવાબ, તેનાપર કોપ, છેવટ પર્વત ઉપરથી પછાડી મારી નાંખવાનો હુકમ. રાણી કયાધુની ચીન્તા.

પ્રવેશ ૩ જો—કેદમાંથી નાશી છુટેલા સદાનંદના હવે

અનીતી રસ્તે ચાલવું તેવા વિચાર, ત્યાં લુટારાઓનું આવવું, માતાને મનુષ્યનો ભોગ આપવો છે તેથી સદાનંદને પકડવો, સદાનંદનો ખેદ.

પ્રવેશ ૪ થો—પહાડપરથી ભકત પ્રહલાદને રાક્ષસો પછાડે છે, ત્યાં અજાયબી સાથ ભવ્યતા ભરેલો સીન, પહાડ ફાટી દરિયો, દરિયો ગેબ થયા બાદ, પાતાળમાં પ્રહલાદજી નીશ્ચિંતપણે હીંડોળે ઝુલે છે રાક્ષસોને અનહદ આશ્ચર્ય છેવટ હીરણ્યકસ્યપુ પાસે ભકતરાજને લઇ જવા વિચાર.

પ્રવેશ ૫ મો—મનુ પાછળ નીકળેલી શ્વેતા, મનુને મળે છે, ત્યાં મલયરાજ શ્વેતાની ખોળમાં નીકળે છે. તેનું આવવું તેના ઉપર ગુસ્સા છેવટ હીરણ્યકશ્યપુની કચેરીમાં ઇન્સાફ આપવા કેદ કરી મનુને લઈ જવો, પ્રેમની વિચિત્રતા.

ભોગ ચડાવવા સદાનંદને કરાવેલ તૈયારી, સદાનંદની આનાકાની, જોર જુલમથી ભોગ ચડાવવા લુંટારાઓનો દુરાગ્રહ, અચાનક માણસો સાથે શંડ ગુરૂનું આવવું, સદાનંદનો બચાવ લુંટારાઓનું નાસવુ, સદાનંદને ઉપજેલું જ્ઞાન અને તેનો અફસોસ.

પ્રવેશ ૬ ઠો—મનુ તથા પ્રહલાદને નાબુદ કરવાના કાળદંડના હવાઈ વિચાર, કાળદંડનુ શાંડ ગુરૂએ કહેલું ભવિષ્ય

વેરની અધીકતા, પાપીની પાપ વાંચ્છના

પ્રવેશ ૭ મો—હીરણ્યકષ્યપુને થયેલ સ્વપ્નાની ચીન્તા મલયરાજનું આવવું, પોતાની પુત્રી શ્વેતાનાં લગ્ન પ્રહ-

લાદજી સાથે કરવા વિચાર જાહેર કરે છે, હીરણ્યકષ્યપુની નારાજી, મલયરાજના કહેવાથી મનુને દેહાંન્ત દંડની શીક્ષા, મનુના મુખપર કસ્યપ કુળનું ચીન્હ છે, તેમ શંડગુરૂની જાણ, શંડગુરૂના કહેવાપરથી હીરણ્યકષ્યપુએ વિશેષ ખુલાસો માગતાં ભેદભરમ સાથે વિંટીની ઓળખાણ, કાળદંડના પાપરૂપી ઘટનું પુટવું, તેને દેહાંન્ત દંડની સજા, મનું સાથે શ્વેતાનાં લગ્ન બાદ રાક્ષસો સાથે પ્રહલાદજીનું આવવું, કોઇપણ ઉપાયથી નથી મરતો જેથી દેવો તથા ભાગ્યદેવી સાથે લડત, બાદ પ્રહલાદજીની પરમાત્માપર આસ્તા જોઇ, પરમાત્માં કયાં છે, તે પૂછવું. સર્વ સ્થળે છે તેવો પ્રહલાદજી નો જવાબ, બાદ સ્થંભમાં તારો પ્રભુ હોય તો બતાવ તેમ કહી સ્થંભને પાદ પ્રહાર કરે છે તેવામાં સ્થંભ ફાટી સાક્ષાત વિષ્નુ પરમાત્મા નૃસિંહ રૂપે પ્રગટ થઇ અજીત હીરણ્યકષ્યપુને મારી બાળભકત પ્રહલાદજીપરે અમીનીં દ્રષ્ટી કરે છે; આકાશમાંથી ઇંદ્રાદી દેવોએ કરેલ પુષ્પની વૃષ્ટી, ભકતીનો સાક્ષાત્કાર, અસુરનો નાશ. સત્યમેવજયતિ અસ્તુ. આનંદ.

સમાપ્ત.

શ્રી ભક્તિ પ્રતાપ,

નાટકનાં ગાયનો.

બાળાઓ— ૧

ભજો ભુધર ભાવે, ભગવંત ભવ ભયહારી,
ભક્ત ઉર ધારી સુખકારી હરી ચક્રધારી,
સેવ સદા સુખકર જય કર તું મોરારી...ભજો.
ભજન કરી અજર અમર ઇશ અધિકારી,
તાર્યાં ત્રીભુવનમાં ભક્ત ભયને વિદારી,
પ્રહલાદે પ્રભુનું નામ જપી ભક્તિને પ્રસારી,
દેવોની સમાન, પામ્યા પુરૂં માન, મહા મંગળકારી-ભજો.

બે બાળાઓ— ૨

રમણુ રંગ ભુમી રસીલી ખીલી રંગમાં,
નાટય કુંજ વિધિ વસંત વ્હીલી જંગમાં,
વારી બલીહારી નીહારી ઉમંગમાં. રમણુ.
વિવિધ વૃક્ષ વેલી, સુપાત્રો શ્રેય સંગમાં.
ન્યારી જાઉંવારી નીહાળી સુજંગમાં રમણુ.

અપ્સરાઓ— ૩

સા સારેગ ગરે ગમ પધ મપગરે સાસરે

નીધ નીધપમગરે ધનીરેસા
સારેગમ પમગરે સાસારે
સાસા ધની સા. નીધ, પમગરેસા
ગગગરે, ગગગરે, ગગ મમ પપ ધની
રેસાની ધ, પમગરે ધનીરેસા
સારેગમ પમગરે સાસારે

કામદેવ ૪

ભલ ભલાઓને હું ભુલાવનારો,
નહિ ડરનારો ચીત હરનારો;
તપ ભંગ કરનારો સ્થળ સ્થળ ફરનારો—ભલ૦
શંકર સમાધીને હું ઉતારનારો,
ગમેતેવા તાણા મન હું ડગાવનારો— ભલ૦
બ્રહ્મા સરખાને પણ ભુલાવ્યા ક્ષણીકમાં,
પુષ્પ તણું બાણને ધનુષ્ય ધરનારો— ભલ૦
છળ બળ કરીને તપસ્વીને છેતરનારો,
રંભાઓ સાથે વસંત રૂતુ રચનારો— ભલ૦

સદાનંદ નવી જુની ૫

રાંડો રોવા દીયો, મારો જીવ કાં લીઓ ?
ખુમ થઈશ હજુ. હડહડતુ હાજીયા.
દુષ્ટ દીપડીઓ, છોટું જીભડીઓ.
મુવા લકિ તારાં છાજીયાં છાજીયાં,
માને કહયું છાનું તારી માનું શાને

બક બકતી બંધ કર તું તારી માને,
વધુ છકમાં, બહુ બકમાં'

સદાનંદ નવી જુની ૬

આવો મારા કંથ કોડીલા, શાણા શોખીલા;
દીસો હાંસીલા, મન મોજીલા, મનહર છો મહારાજ.
તું લટકાળી ને તું મટકાળી, લાડીલી લાખેણી જોડ
કોડ પુરાથયા મનના મારા, તમસમ દારા રહી નહી ખામી-ખોડ
હોંસ ધરી હાથથી હું જમાડું પ્રેમે કરી પકવાન,
બેસીને ભેળાં, ખાઈએ ઘી કેળાં, થઇએ પ્રેમે ગુલતાન
વારીવારી જઇએ વાલા તમપર, સદ ભાગી સદાનંદ ખરેખર
ચરણુ સેવીએ સ્નેહે બરાબર, ગોરાગોરા ગાલચુમું પ્યારભર
હું વર લાડો તું વહુ લાડી, હુ તારો પાડોને તું મારી પાડી
હું ખુબ ઉંચોને તું જરા ચુંચી, મશ્કરી મુકેને આવોલઉં બુચી
આવો મારા૦

હીરણ્ય કસ્યપુ ૭.

વાળું વેર વેરી પટકી, કપટી કયાં એ જાશે છટકી
ભીરૂ ભાગ્યો મારે ત્રાસે (૨) છાનો કયાં રહી છુપાશે
શોધી પાતાળે આકાશે. બ્રહ્માંડ માહી ભટકી વાળું
ત્રિલોક જીતી ત્રાસ બેસારૂ, ઈશ્વર નામ ધરૂં હું મારૂં
તપતુ તન ત્યારે ઠરનારૂ, વિણુવારે શત્રુ સંહારૂ
ત્રીશુળે ત્રોડીને શીશ (૨) રૂધિરવડે આપીશ,

ભાઈને અજલી રીશ, ત્યારે રેશે અટકી વાળું

સદાનંદ ૮

પેટડુ ભારી (૨) આ દુનિયામાં દુખકારી પાપી પેટડું.
કોઠી કોઠાર ભરાયે, જે ખાણો જમીનમાંહે
એ પણ કણથી પુરાયે
આતો ખાલીને ખાલી, પાલી તણી ખાડ રહેનારી. આ દુનીયા
પેટ ફેરી વેઠથી કંટાળી ખાવા થાયે
પેસે પાતાળે કે આકાશે, ઉંધા લટકાયે
ત્યાંએ ખાવા માગે, લાગેલી લબાડ બલાયે
હાય હાય હાય જાઉ એથી હું તો હારી—આ દુનિયામાં.

પ્રહલાદ ૯

લે લાગીરે મનડામાં મુજને પ્રભુજી તણી,
ચંચળ ચીતડુ ચોટયું. કરૂ શું ભણી—લે લાગી.
આનંદ વાધ્યો, પ્રભુ પ્રેમ જાગ્યો,
સંસારી સ્નેહ મેતો ત્યાગ્યો રે—લે લાગી.
ભવ ભય ભાગ્યો, મન મેલ ત્યાગ્યો,
હૃદયે રણકારો રામ વાગ્યોરે—લે લાગી.

પ્રહલાદ ૧૦

ભવતરવું કર ભજનસાર— ભવતરવું.
દેહગેહ નહીં આવે અંતમાં ખાલી પંથ પરવરવું—કર.
નેહ ગંદા દેહનો કર દુર હંસ વિચાર તું.
વાદળી જળથી ભરી વિખરાઇ જાતા વારશું.

મૃગ નીરછે, યમતીરછે જુઠી જગતમાં સારશું,
કર ભાવતું કીરતારમાં લે મોક્ષનો આધાર તું;
હર વિષય વાતથી ડરવું... ... ...કર૦

પ્રહ્લાદ— ૧૧

જાગી જો જાગી, જન્મ મરણના રાગી
અન્ય ઉપાધી ત્યાગી. બ્રહ્મની ભક્તિ લે માગી—જાગી૦

બાજીગરની છે બાજી, તે પર થયો શુ રાજી.
ચેત્યો નહી તું પાજી, જુઠી જંજાળે ગાજી.
ચેત અભાગી... ... ...જાગી૦

ખેલ ખલકનો ખોટો, પાણીમાંનો પરપોટો
સાથ ન આવે કોડી ખોટી આશા મોટી ચોટી
તત્વ લે તાગી ... ...જાગી૦

શ્વેતા ૧૨

આવી ભરતી નવ યૌવનની, ભાન સાન ભુલી મુજ તનની
શું ઉપચારે શું શું પ્રકારે, મહા વ્યથા ટાળું મુજ મનની–આવી.
નહિ રાગ નહિ રોષ કશામાં, નહિ રોગ નહિ સ્વસ્થ દશામાં
કહી ન શકાય કહું જઇ કોને; દીયે દાહ લહરી ઉપવનની–આવી૦
મન તરંગ મનમાં હું, સમાવવું અંતરની ઉર્મીઓ દબાવું
સારા સાર વિચાર ચલાવી, સાધું તાન હુ રામરટનની–આવી૦

મુક્તા— ૧૩

સદાવ્રત તે સત્યનું બાંધ્યું, ધન્ય ધન્ય અવતાર;
ધર્મ ધરીને ધરા શોભાવી સહાય કરે કીરતાર,
ભોગવ ભોગ ભલે ભામા હા... ... ...
ભાવેથી ભોગવ તું કામા

શ્વેતા—

નારાયણનુ નામ રટન રટ ઇશ્ક અજબ એ દીસે.
ધ્યાન ધરીને ધરણીધરનું રાખ હૃદયને વિષે.
કર કૃતી એવી કીરતાર હા... ... ...
ભજનથી ધન્ય ધન્ય અવતાર— કરકૃતી૦

શ્વેતા મુક્તા— ૧૪

જાજા ભોળા બ્રહ્મચારી ભાસે ભ્રષ્ટ બુદ્ધિ થઇ તારી,
બોલ કોલ હારો કુમારી, કાં દાનિની રીતી વિસારી,
આવો ધુનારો જાચક નવ જોયો;
જોગીને રૂપે ભોગી પાપ પ્રોયો.
ગોરી તારા રૂપ માંહીં મોહી શુદ્ધિ બુદ્ધિ ખોઈ,
એ હાલ બન્યો જોઇ બચાવ પ્રેમથી આ આજારી— –
જાજા ભોળા૦

સર્વ સાહેલીઓ— ૧૫

પ્રેમ તણી બલીહારીરે સખી સત્ય સદા સુખકારી,
નિપુણપણેરે શુધ્ધ બુધ્ધિથી જાળવશો,
વિષય જાળમાં ફસાઇ પામશો ખુવારી.

જયકારી જન્મ જશે હારી.
આ યોવન મનમાં વસે કામ લુંટારો ક્રુર,
સતી સુખીથી સંચરે તનથી મનથી શુર.
દુર્વિચાર દુર કરે સદ્વિચાર ઉર ધરે પ્રીતિ નીતિમાં
વિચારી વાક્ય વદે વિકારે લક્ષ નદે.
અતિ પવિત્ર, શુભ ચરિત્ર, નહી વિચીત્ર.
વિનય વતી સત્ય રીતિમાં
સર્વથી વિશેષ વિશ્વમાં પ્રકાશનારી.
શીયળને સંભાળ નારી નારી— રે સખી૦

શ્વેતા ૧૬

અવર મદન શું (૨) રૂપધારી પધારી
આ નારી સ્વીકારવાને
મુજ મનને ભરમાવી. કર્યું છે અધીરૂં ભારી
નીરખુહું ધારી ધારી સુંદરતા શું છે તારી ભારી
ક્યારે તુજ કરને ધારી, થઇશ હું ભાગ્યશાળી.
અભીલાસા અંતર મારી (૨) ભારી પધારી આ નારી

મનુ— ૧૭

અજબ વિધાતા તણો ખેલ આ ભુમીપર ભજવાય;
પલમાં રાયને રંક બનાવે રંક તણો વળી રાય—અજબ૦
પેસે કદી પાતાળ મહીંકે આસમાન મન ધાય,
વિષનું ભલેને પાન કરી પર્વતપરથી પછડાય.
પણહા વિધિએ લેખ લખ્યા તે વ્યર્થ કદી નહીં થાય—અજબ

પુર્વે કરેલા પાપ મહા તે પ્રત્યક્ષ અહિં પમાય.
પામર પુરૂશો વ્યર્થ વિધિપર દોશ દાયે છે હાય—અજબ

મનુશ્વેતા— ૧૮

કૌલ આપો પ્યારા કષ્ટ કાપો કલિત આ કાળે.
પ્રાણ પ્યારી લીયો સત્ય ધારી વચન આ શુદ્ધ આ વહાલે,
પ્રેમ સુધા પામી ખોઇ મેતાં ખામી,
ધન્ય શાણા સ્વામી વ્યાધીઓ મેં વામી આ શુધ.
કરશુ વીહારો પ્રેમકેરા બાગમા, મુદ ધારીને સદા સંગે રહી
ફરશુ તજીને ફદ બીજા રાગમાં, રતી ધારીને સદા સંગે
રહી આપો.

શાંડ— ૧૯

જમાના તારી વડાઇ, અજબ મને જણાઇ,
સિંહને ડરાવે અજા જગમા,
સત્ય વાદી દુઃખી થાય, જુઠ્ઠાઓનો જય થાય,
સાચાનો સહાર જોયો જગમાં,
શ્વાન નિર્ભય છતાં બાસવાને દોડી જતાં.
નિર્દોશ મૃગ મરે જગમાં,
ખુશામત રહી છવાઈ, કુડાની થઇ સવાઇ,
સાચાનો સહાર જોયો જગમાં જમાના૦

વારાંગનાઓ— ૨૦

ગુણ નાયક દાયક સુખ સ્વામી,
ચરણમાં શીશ નામી, અતિ કૃતી અગામી સુગામી
ગુણ નાયક.

કર્યાં તાબે સુર દઇ અસુર સુખો અતિ,
કળથી, બળથી, નહિ ડગ્યા છળથી,
વારી ધન, ધારી મન, સહુજન, સુજન. ગુણ.
શુરવતી, સચીપતી, દમીઅતી, કરી ગતી
રઝળતી હાં... ... ...
અમો પ્રિતિનાતૃ પીત, થયા અતિ આનંદીત
તપો અવીચલ તાજ, હિરણ્યકશ્યપુ રાજ,
સુખો, પામો, દુ:ખો, વામો. વિરામો. ગુણ

મનુ... ૨૧

જય કલ્યાણી ત્રીભુવન માત,
સચરાચર વ્યાપીનીભુવનેશ્વરી,
થયો આજ હુ પાવન માત. જય,
સીંહ વાહિની મહિષ મર્દનિ,
ત્રીપુર બાળા જગત મોહની,
ભકિત સદા, આપો મુદા, હે કુમુદા છોડું આપદા, છો જ્ઞાનદા, ને અભયદા,
મુર્તિ તારી, દીલમાં ધારી, ધરૂં સદા તારૂં ધ્યાન માત જય.

મનુ શ્વેતા— ૨૨

પરમ પ્રીત પારખી પ્રીય પ્રેમદા
ચકોર ચંદ્ર સમ હા... ... ... [૨] પારખી.
વિલોકી વિશુદ્ધ વહાલ, બનાવું હૃદય માળ,
મુલ્યવિણ ખરીદયો તેં મૃગનેણી આ મરાળ;

પ્રિતિ સિંધુ છલો છલ, હર્ષ વધે છું ન્યાલ,
જીવન પ્રેમમાં ગાળુ હાં ... ...પારખી
ગુણીયલ છો ગંભીર, હૈયાની હંસી સ્થીર,
સુંદરી સદાય રહે, હૃદયમાં ધારી ધીર,
પ્રેમના પ્રસાદ જમશુ, સાંપ્યું સતિ શરીર,
લુચ્ચાઇ લાલાજી જાણું હાં ... ...પારખી.

સદાનંદ નવી, કાળદંડ, ૨૩

દેખી દાગીનો ને લાગે મુને લાઇરે,
ભોળા બ્રાહ્મણને લુંટયો તેંતો ભાઇરે,
કાં કેવી લેર અં...અં...હાય હાય વાળ્યુ તે પુરૂં વેર,
કર્યું કાળુંરે, ન વિચાર્યું રે,
રાખી નોકરને ઘરમાં દીધો ઘાયરે,
આ વખતે તો જવા દઉં છું, અવગુણ પરતો ગુણ કરૂ છું,
છેવટમાં તોએ પણ કહું છુ, કર્યાં કરમના ફળ ભોગવતું,
દઇ માફી દયા દીલ લાવો, હવે નહિં કરૂં કામો આવો,
આપોને હવે રજા, આવે છે કાંઇ લજા,
ટળો બળો જોઇ થાયે હૈયે ઝાળરે,

શ્વેતા, મનુ— ૨૪

હૃદય મંદીરે પ્રિય ઠાકોરને રાખીને પુજું.
સ્નેહ વારિથી સ્નાન કરાવી ચિત ચંદનને પ્રાણ પુષ્પ
અરપું, હૃદય.
વિવિધ ભાતની લઈ સામગ્રી,ને તે સઘળી અરપીને પુંજું હૃદય.

પ્રિતિ તણા પકવાન જમાડીને હું… …જમું,
શ્રેસ્ટ શ્રૃંગાર સજાવી પ્રિયતમને … …હું સજું,
રમુ સાથે રસ રંગ
ઉરમાં ધરી ઉમંગ હૃદય

શ્વેતા— ૨૫

માફી માગું માફી માગું રે પીતાજી માફી માગું રે,
નહિ બોલ્યું અબોલ્યું થાય,
કદી શું કર્યું ન પાછું ગળાય. પીતાજી.
સતીએ પતિને ધાર્યો ફેર નહિ,
કેશરી ના ચરે ઘાસ.
સારસની જોડી ખંડીત થાતાં,
ફેર ન વિશ્વેવાસ. માફી.
વાત્સલ્ય ભાવ પિતા ન વિસારો.
ગણી તમારૂં બાળ,
તાત કુબુધ્ધિ ધારિ મનમાં
નહિ બેસાડો આળ. માફી.

મલયરાજ— ૨૬

ઝાળ ઝાળ પ્રગટે ઝાળ, ઝળ ઝળ ઝળ હૈયા મોઝાર,
કાળ કાળ વ્યાપે કાળ, હત્યાથી બી ન કરૂં ઠાર
ચાલી જા હદબાર દેખાડીશ નહિ દેદાર
કુલાંગાર છે ફીટકાર, તુજ અવતારને ધીકકાર
ઝાળ ઝાળ.

પ્રહ્લાદ— ૨૭

સ્વપ્નામાં ઘેલા, શિદને ભમે છે ભુલી ભ્રમમાં—હાં...
હરીને હાથ બાજી, ફોકટ પુલે કાં પાજી.
જુઠી જંજાળ જોઇ જગમાં સ્વપનામાં
જનમ્યું તે જાશે ચાલી, લઇ જાશે હાથે ખાલી.
રાખને પ્રિતિ પરી ભ્રમમાં. સ્વપનામાં
નટવરનું નાણું સાચુ, કામ અવર છે કાચું,
રાચું નાચુ પ્રેમે રસીયા રંગમાં સ્વપનામાં

પ્રહ્લાદ— ૨૮

વાર કરો વેગે મારી,
મારા શામાળા... .....ગોવીંદ ગીરીવરધારી,
સત્ય સહાયકવાલા, કરગરે છે દીન દારા,
અર્જ અંતરમાં લ્યો ઉતારી મારા
ગરૂડે ચડીને વેલા, આવો ગોકુળના વાસી,
બળતાં બચ્ચાને લ્યો ઉગારી. મારા
સોડ સ્યામાની છોડી, આવો દામોદર દોડી,
વાર કરો ન વનમાળી. મારા

દેવો— ૨૯

નાથ પ્રભુચક્રધર, કૃપા કરો લક્ષ્મીવર
આર્ય ભુમી ભવ્યપર દૈત્ય દુખ દેનિડર નાથ

શાણી—

કિરતાર કરોને સહાયરે, દુઃખ વાદળ આવ્યું છે હાય,
ઓ હાય ! ઓ હાય ! ઓ હાય !
પતિ કુબુદ્ધિનું દુઃખ સાલે બહુ,
કહો મુજથી કેમ કરીને સહેવાય,
એક બાજુ પુત્ર ભાવ પ્રજાળે હેતે હરી ગુણ ગાય,
એ કોમળ કાયને દુખ થાય,
તેનો ઉપાય, કેમ કરાય, તો સુખ થાય. કિરતાર

પ્રહ્લાદ— ૩૧

સ્યામ સ્યામ નામને ભણ્યો ભા ... ...વથી
અન્ય ઉપાધિ નિવારીને ધારી,
હામ-રામ-નામને ભણ્યો ભા .. .. વથી
શ્રી હરીને વરી છે મતિ મારી,
તથી બીજો બકવાદ વિસારી,
વિદ્યા ખરી હરિનામની ધારી, પ્યારી, સા રીં, એ
વિચારી સ્યામ
વિદ્યા બીજી એથી છે કઇ સારીં,
અંતર ખોલીને જોશો વિચારી,
ધન્ય ગુરૂ મારા દેવ મોરારી, વારી વારી જાઉં હું
હું વારી. સ્યામ.

પ્રહ્લાદ— ૩૨

હું ચરણુ શરણુ વિપદ હરણુ વિશ્વના આધાર

કૃપા સીંધુ કુશળ સૌનું કરતા-વિભુ વિઘ્ન હરતા છું
વિપતિ ત્રાસ ટાળો-કૃતાંત પાશ ખાળો
દયા કરી બુરો અરી ફરી ફરી નિવારો-કુશળ
સગા તમેજ સાચા બીજા તમામ કાચા
નમુ હરિ (૨) ફરિ ફરિ ઉગારો   કુશળ.

શ્વેતા—

૩૩

હે કીરતાર ? તુ આ વાર થાજે સહાય અર્જ ઉર ધારી
થજે સહાય અર્જ ઉરધારી, અબળાની વિનંતી સ્વીકારી. કિરતાર.
પતિ પિતા તણી કુરૂરતાથી, મને તજી ગયા વીરતાથી
તે મેળવજો સત્વરતાથી ભકતોના છો ભયહારી   હે
શુધ સતીઓ તણી તમે લીધી,
વિભુ વિસારી મુજને દીધી,
બદલી તુ અરે કેમ વિધી પતિથી વિખુટી કરનારી હે.

શ્વેતા—

૩૪

કેજે કેજે સદેશો તું પ્યારાને,
વિરહી બની વનિતા વનમાંહી,
તપતીના તાપ નિવારો આંહી,
દઇ દર્શન દીન દારાને   કેજે.
કરૂણા સિધુ કોપ ન કરશો,
વિણુ વાંકે વ્હાલા ન પરહરશો
ઓળખી અંતર મારાને   કેજે.

તરફડતી જળવિણુ માછલડી,
ટળવળતી તેમજ એકલડી,
સલુણા સંભારી બોલ તારાને — ફેજ.

શ્વેતા અને મનુ— ૩૫

મધુર મુરત મન મંદિરે રમ્ય રેલી રસભરી
સ્નેહલ સલુણી શરદ સીંચી વૃક્ષવેલી મદભરી
હીં પ્રેમલ પુષ્પ પ્રફુલ્લિત પેખી નટવર નેહ વધારો
વાહ માલતી માળ હૃદય રમી સ્યામ સલુણો છુ નેહે નમી
શુધ્ધ વૃતી તવ હૃદય સતી, થઇ છતી તુજ વાહ કૃતિ
શુધ્ધ સ્નેહ સ્યામ મમ સ્વામી વાહ દીસો છો અંતર જામી
વિપતી વેગે વામી રસરેલી નાર નવેલીરે
છું પ્રેમ ઘેલી — મધુર.

શ્વેતા— ૩૬

શાને મુજપર ભર જુલમ કરાય
કબુલ હૃદય મહિ કરીન ફરાય
પ્રિયતમ નતજાય ભલે ચાહે તેમ થાય
કહિ કાય પડી જાય — ભર જુલમ.
તાત પડું છું હું તમ પાયે
ધર્મ નિયમ મુજથી ન મુકાયે
ગભરાય દિલલાય બહુ થાય ન ખમાય
નિશદિન તન મન અકળાય.

મનુ— ૩૭

ખરે પ્રેમ તુતો ખુવારી કરે,
પનારે પડયો તારે તે તો મરે,
ભુવન તજાવી વન રઝળાવે,
રહ્દય વિશે દાહ દે છે ખરે
કમળ ભૂમરને દીપ પતંગને
પ્રેમે ફસાવીને પ્રાણ હરે.

સદાનંદ— ૩૮

અહો દિન દયાળ ગુરૂ શ્રી કૃપાળ
છો પ્રણુત પાલ ગુણના આગાર
અતિ અધમ પતીતને ઉધારનાર અહો.
જાણી શકયો નહિ માયા ત મારી
ભ્રષ્ટ બુદ્ધિ થઇ હતી પ્રભુ મારી
સમજયો ન કાંઇ છળ જ્ઞાન ધ્યાન ગુણ સદવીચાર
રૂપી મુનિ માયા વશ થઇ નાચે
સુખ સંપતી ધન નીશદીન યાચે
ચરણ શરણ છે તણારૂં તો હુ થયો ગમાર. અહો.

હીરણ્યકશ્યપુ ૩૯

સ્વપ્ન અમગળ આજ દીઠું સ્વપ્ન.
તર્ક વિતર્કો બહુ ઉપજાવે સ્વપ્ના
રાજદંડ ધરણીપર પજળયો

મસ્તકનો પડછાયો ન કળયો
રાજ સભામાં આવી ઉછળયો
એક અજબ વન રાજ. દીઠું.
સીંહાસન ત્રુટયું અણુધાર્યું
જાણે દૈત્ય તણું કુળ માર્યું
સીંહ તણા પગ પાસે મારૂં
રંગ દોળાયું તાજ. દીઠું.

પ્રહલાદ— ૪૦

વીષ્ણું વ્યાપક છે ચરાચર મહી હું માતમોમાં વસ્યા
પૃથ્વીમાં જળ તેજમાં અનિલમાં આકાશ માંહે કસ્યાં
છેમાં એ ભરપુર છે ભયવીના માનું નથી માં નથી
દેખું હાજર એ અહીં તહીં બધે ઝાઝું કહુ શુ કથી

હિરણ્યકષ્પુ— ૪૧

બક બક છોડી દે દેખાડ તારો નાથ કયાં છે છકી શાને જા
શત્રુને શૃંગાર માને કુળ વિશે અંગારતું
અવળે વળે ચડમાં અરિ પાશમાં પડમાં. બકબક.
ઘરને બનાવ્યું પર ખરેખર પર વિશે નિજ ઘર ગણ્યું
ખપશે ખરેખરમાં તપશે પછી ઉરમાં. બકબક.
દૈતનો અરી હર હમેશાં દેવમાં હળી મળી રહે
હરિને ભજે તુ વૃથા નહીં આપણી એ પૃથા બકબક.
ઉન્માદમાં અથડાયતું હરિ હરિ કહિ મુખથી અહીં
નજરે ચડે નહીં હયાં કહિ દે રહયો છે કયાં બકબક.

સર્વ પાત્ર—   ૪૨

જય જય અજર અમર વિભુ હિતકર
વિશ્વાધાર ગુણ અગાર દુખ હર (૨)
તું ભવ તારણ અધમ ઉધ્ધારણ
પાપ નિવારણ કાર્ય સફળ કર   જય જય.

સૂચના.

નીચે લખેલાં પુસ્તકો અમારી નાટક કંપનીમાંથી મળશે.

૧.	ધર્મગુમ	૦—૨
૨.	સતિ એકાવળી	૦—૨
૩.	ઉત્તમ કુમાર.	૦—૨
૪.	સુદર્શન	૦—૨
૫.	વિશ્વ મોહિની	૦-
૬.	નટી નટવર	૬
૭.	નૃસિંહાવતાર	૬
૮.	શિયળવતી	૦ - ૬
૯.	આભુરાજ પેથા	૦—૨ ૬
૧૦.	રતિ ચંદ્ર	૦-૨-૦
૧૧.	અલીમ રૂભદ્ર	૦—૨—૦
૧૨.	ચંદ્રશેખર	૦—૨—૦
૧૩.	શાન્તિકર	૦-૨ ૦
૧૪.	ભક્તિ પ્રતાપ	૦—૨-૦
૧૫.	ભાગ્યોદય (છપાય છે)	૦-૨-૦
૧૬.	ગંધર્વ કન્યા (છપાય છે)	૦ ૨-૦
૧૭.	કાળો પહાડ (છપાય છે)	૦-૨ ૦
૧૮.	સતી અનસુયા	૦ ૨-૦

મણીશંકર જેશંકર ભટ્ટ,

પાલીતાણા બ. પ્ર. ના. કંના મેનેજર